## :: હંગામી જાહેરનામું ::

## ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી), અન્વયે કાઢેલ હુકમ

ક્રમાક:ટ્રાફિક/ફુભકો રેલવે ફાટક/LC-12/વાહન પ્રતિબંધ/જાહેરનામુ/ ૪૭૮ /૨૦૨૪

પોલીસ કમિશ્નરની કચેરી,
સુરત શહેર,
તા. ૨૪/૦૨/૨૦૨૪

સુરત શહેર વિસ્તારમાં હજીરા સ્થિત ક્રુભકો કંપનીની રેલ્વે લાઈન કોસાડ/ગોથાણ ગામથી ક્રુભકો કારખાના સુધી આવેલ છે. જેમાં ઈચ્છાપોર-સાયણ રોડ ઉપર જહાગીરપુરા - વણકલા - ઓખાથી અંભેટા - કુંકણી - અરિયાણા ગામ તરફ - એજ્યુકેશન ઝોન તરફ જવા માટે રેલ્વે લાઈન ક્રોસિંગ LC-12 ફાટક આવેલ છે. આ ફાટક પાસે રેલ્વેનાં પાટાનું સમારકામ ક્રુભકો કંપની દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૪ના સાંજના ક.૧૯/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૪ના સવારના ક.૦૭/૦૦ વાગ્યા સુધી કરવામાં આવનાર હોય સમારકામ દરમ્યાન વાહનોની અવર-જવર થાય તો આ રેલવે લાઇનની સમારકામની કામગીરી કરવામાં અવરોધ ઉભો થાય તેવી પરિસ્થિતી છે. જેથી ઈચ્છાપોર-સાયણ રોડ ઉપર જહાગીરપુરા - વણકલા - ઓખાથી અંભેટા – કુંકણી - અરિયાણા ગામ તરફ - એજ્યુકેશન ઝોન તરફના વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવા માટે ક્રુભકો કંપનીનાં જનરલ મેનેજરશ્રી એસ.ટી.મકવાણા નાઓ દ્વારા અરજી કરવામાં આવેલ છે. જે અંગે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રીજીયન-૦૪ નાઓનો અભિપ્રાય મંગાવતા હકારાત્મક અભિપ્રાય મળેલ છે. જેથી ઈચ્છાપોર - સાયણ રોડ ઉપર જહાગીરપુરા - વણકલા - ઓખાથી અંભેટા - કુંકણી - અરિયાણા ગામ, એજ્યુકેશન ઝોન તરફના તમામ વાહનોની અવર-જવર પર તા.૨૪/૦૨/૨૦૨૪ના સાંજના ક.૧૯/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૪ના સવારના ક.૦૭/૦૦ સુધી પ્રતિબંધ મુકવો જનહિતાર્થે જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું વાબાંગ જામીર I/C પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના હદ વિસ્તારમા ક્રુભકો કંપની, હજીરાની રેલવે લાઇન આવેલ છે. જેમાં ઈચ્છાપોર-સાયણ રોડ ઉપર જહાગીરપુરા - વણકલા - ઓખાથી અંભેટા - કુંકણી - અરિયાણા ગામ, એજ્યુકેશન ઝોન તરફ જવા માટે રેલ્વે લાઈન ક્રોસિંગ LC-12 ફાટક આવેલ છે. તે જગ્યાએ તમામ પ્રકારના વાહનોની અવર-જવર કરવા પર તા.૨૪/૦૨/૨૦૨૪ ના સાંજના ક.૧૯/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૪ ના સવારના ક.૦૭/૦૦ વાગ્યા સુધી પ્રતિબંધ ફરમાવુ છું.

## :: વિકલ્પ ::

(૧) જહાંગીરપુરા - વણકલા - ઓખાથી અંભેટા - કુંકણી - અરિયાણા ગામ તરફ - એજ્યુકેશન ઝોન તરફ અવરજવર કરનાર વાહનો ભેસાણ - બરબોધન ચોકડી પાસે આવેલ LC-15 નો ઉપયોગ કરી દિહેણ - નારથાણ ગામના રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) LC-12 અને LC-13 વચ્ચે સેગવા છામાં ગામ પાસે નહેરની સમાંતર આવેલ માર્ગ મારફતે અવર-જવર ચાલુ રાખી શકાશે.

(૩) LC-08 અને LC-10 વચ્ચે નહેરની સમાંતર આવેલા કાચા માર્ગ મારફતે અવર-જવર ચાલુ રાખી શકાશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) હેઠળ શિક્ષા પાત્ર થશે.

આ જાહેરનામુ તા.૨૪/૦૨/૨૦૨૪ ના સાંજના ક.૧૯/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૪ ના સવારના ક.૦૭/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજરોજ તા.૨૪/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી-સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
सत्यमेव जयते
સુરત શહેર, સુરત.

(વાબાંગ જામીર)
I/C પોલીસ કમિશનર,
સુરત શહેર.

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજય, ગાંધીનગર.
(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સુરત શહેર.
(૬) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.
(૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૨, સુરત શહેર.
(૮) અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ, સુરત શહેર.
(૯) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.
(૧૦) કલેકટરશ્રી, સુરત શહેર.
(૧૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.
(૧૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪,૫,૬ અને કંટ્રોલ, ટ્રાફિક, ક્રાઇમ સુરત શહેર

(૧૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૧૪) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ,બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઇ,જે,કે,એલ, ટ્રાફિક, કંટ્રોલ, વિશેષ શાખા, હેડકવાર્ટસ સુરત શહેર.

(૧૬) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(૧૮) નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૧૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૨૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૨૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરત રેલ્વે પોલીસ સ્ટેશન.

(૨૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર (૨૦ નકલ) વર્તમાન પત્રો ટી.વી. ચેનલોને આપવી.

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુજરાત રાજય સોલા રોડ, અમદાવાદ.

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, સુરત.

(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેસન્સ જજ કોર્ટ, સુરત.

(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.

(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, ચોર્યાસી તાલુકા.

(૭) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત